## જન્મદિને વધામણી



પંકજભાઈ રતિશભાઈ દવે
સેક્શન ઑફિસર, ગૃહ વિભાગ
મો. ૯૪૨૭૭ ૧૪૧૨૫



અંજનાબેન ગોર
ઉપપ્રમુખ, સમસ્ત બ્રહ્મસમાજ મહિલા પાંખ



ફેનિલ સમીર રામી
મો. ૯૯૨૪૪ ૪૬૬૪૫



પંચમ કુંતલ નિમાવત
બાળ અભિનેતા
મો. ૯૮૨૪૯ ૧૦૧૪૫

આગામી ૨૪ જાન્યુઆરીના રોજ

# શ્રી જય અંબે પરિવાર દ્વારા જગદંબા પ્રાગટ્ય મહોત્સવ

ગાંધીનગર, તા. ૨

મા જગદંબા પ્રાગટ્ય મહોત્સવ અંતર્ગત શતક ભોગ અન્નકૂટ તથા રચનાત્મક કાર્યક્રમોનું આયોજન સૅક્ટર-૧૩ બી ખાતે તા. ૨૪ જાન્યુઆરી ને રવિવારે કરવામાં આવ્યું છે.

શ્રી જય અંબે પરિવાર દ્વારા આ કાર્યક્રમની વિગતો આપતાં જણાવવામાં આવ્યું છે કે સવારે ૮ કલાકે મા જગદંબાના પૂજનનો પ્રારંભ થશે, ૯ કલાકે અન્નકૂટ અર્પણ વિધિ, ૧૦ કલાકે ભક્તિ વંદના, ૧૦.૩૦ કલાકે થાળ ગાન, ૧૦.૪૫ કલાકે મહાઆરતી, ૧૧ કલાકે મહાપ્રસાદ, બપોરે ૧.૩૦ કલાકે સમૂહ સ્વાધ્યાય, બે કલાકે આનંદનો ગરબો અને આરતી, ૩ કલાકે શૈક્ષણિક સન્માન યોજવામાં આવશે.

સૌ ભાવિકોને આ પ્રસંગે ઉપસ્થિત રહી સઘળા ધાર્મિક કાર્યક્રમોનો લાભ લેવા શ્રી જય અંબે પરિવાર દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# સર્વ નેતૃત્વ ગૃપના યુવાનો દ્વારા જરૂરિયાતમંદ ભૂલકાઓને નવા વર્ષે છોટી છોટી ખુશિયાં



ગાંધીનગર, તા. ૨

કડી સર્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વ ગૃપના યુવાનો દ્વારા જરૂરિયાતમંદ ભૂલકાઓને નવા વર્ષે રકમડાં, કપડાંની ભેટ આપીને ખુશખુશાલ કરી દેવામાં આવ્યાં હતાં.

આ અંગેની માહિતી આપતાં પ્રૉજેક્ટ કો-ઑર્ડિનેટર ધર્મેન્દ્ર પટેલે જણાવ્યું છે કે શિયાળો એ છત્રછાયા વગરના અને રોડ પર રહેનારા લોકો માટે હોનારતથી કમ નથી. શિયાળામાં હજારો લોકોને આપણે રોડના કિનારે કે ખુલ્લામાં સૂતાં જોઈ કંપી ઊઠીએ છીએ, પરંતુ કંઈ કરવા અસમર્થ હોઈએ છીએ.

કડી સર્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વ ગૃપના યુવાનો દ્વારા આ વર્ષના પ્રથમ દિવસે ગાંધીનગરના સૅક્ટર-૧૩નાં નાનાં ભૂલકાઓને સ્ટેશનરી, રમકડાં, ગરમ કપડાં અને અન્ય જીવન જરૂરિયાતની વસ્તુઓની વહેંચણી કરવામાં આવી હતી. સર્વ નેતૃત્વ ગૃપના યુવાનો છેલ્લાં ત્રણ માસથી આ બાળકોને 'છોટી છોટી ખુશિયાં' પ્રૉજેક્ટ અંતર્ગત દર અઠવાડિયે બે કલાક ભણાવે પણ છે.

આજના યુવાનો જ્યારે નવ વર્ષની પૂર્વ સંધ્યાએ પાર્ટીઓની ચર્ચા કરતા હોય ત્યારે નવા વર્ષને યાદગાર બનાવવા આ ગૃપ દ્વારા સંસ્થાના સૂત્ર 'કર ભલા હોગા ભલા'ને સાર્થક કરવાનો પ્રયત્ન ખરેખર સમાજના યુવાનો માટે માર્ગદર્શક છે.

સમાજસેવાના આ કાર્યમાં રાહુલ સુખડીયા, તન્મય પટેલ, ઉમંગ પટેલ, અભિષેક દેસાઈ, રિયા વાઘેલા, રમીલા રામા, કૌશિક પ્રજાપતિ, રાહુલ રંગાણી ઉપરાંત અન્ય ઍન્જિનીયરીંગ, બીસીએ, બીબીએ જેવી ભગિની સંસ્થાઓના વિદ્યાર્થીઓ પણ જોડાયા હતા.



મેજીક હેટ પ્રિસ્કૂલ, સૅક્ટર-૨૯ ખાતે નૂતન વર્ષની ઉજવણી ઉલ્લાસથી કરવામાં આવી હતી. બાળકોએ આનંદથી કેક કાપી હતી અને મુક્ત મને ડાન્સ કરી નવા વર્ષને વધાવ્યું હતું. (તસવીર : કશ્યપ નિમાવત)

## મનોરંજન

સિટી પલ્સ

**સ્ક્રીન-૧**
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
પોઈન્ટ બ્રેક (૩ડી હિન્દી)
૧૨.૧૫, ૨.૩૦, ૧૦.૦૦
પોઈન્ટ બ્રેક (૩ડી અંગ્રેજી)
૪.૪૫
સ્ટાર વૉર્સ (૩ડી અંગ્રેજી)
૭.૦૦

**સ્ક્રીન-૪**
દિલવાલે
૧૨.૪૫
હુ તુ તુ તુ
૧૦.૦૦, ૪.૦૦, ૯.૩૦
છેલ્લો દિવસ
૬.૩૦

**સ્ક્રીન-૫**
બાજીરાવ મસ્તાની
સવારે ૧૦.૦૦, ૧૨.૪૫
દિલવાલે
૪.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૬**
બાજીરાવ મસ્તાની
૧૨.૪૫
દિલવાલે
૭.૦૦
છેલ્લો દિવસ
૧૦.૦૦

કલ્પતરૂ વેલ્ફેર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા

# કોલવડા ગામની બે પ્રાથમિક શાળાઓ ખાતે આરોગ્ય કાર્યક્રમનું આયોજન





ગાંધીનગર, તા. ૨

કલ્પતરૂ વેલ્ફેર ટ્રસ્ટ ગાંધીનગર દ્વારા કોલવડા ગામની બે પ્રાથમિક શાળાઓ ખાતે આરોગ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

કોલવડાની ચામુંડાપુરા પ્રાથમિક શાળામાં ૨૦૪ બાળકોને તથા કન્યા શાળામાં ૧૫૦ બાળાઓને તપાસી જરૂરિયાત હોય તેમને દવા આપવામાં આવી હતી.

તબીબોએ શ્રી ગજાનન સેવા સમિતિના સૌજન્યથી આ સેવાકાર્ય બજાવ્યું હતું. સમિતિના ડૉ. ચીતણીયા, ડૉ. બોઘાણીએ પ્રત્યેકને તપાસ્યા હતા તથા મિલિંદભાઈ, ગોપાલભાઈ, કમલેશભાઈએ આયોજન, વ્યવસ્થા સંભાળી હતી. આ પ્રસંગે કલ્પતરૂ ટ્રસ્ટના બ્રહ્મભટ્ટજી ઉપસ્થિત રહ્યા હતા. બંને શાળાઓએ આ કાર્યમાં સક્રિય સહકાર આપ્યો હતો.

# રાજકોટ અને હિંમતનગરમાં ફાર્મસી રજિસ્ટ્રેશન માર્ગદર્શન કૅમ્પ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત રાજ્ય ફાર્મસી કાઉન્સીલ દવારા ફાર્મસી રજિસ્ટ્રેશન માર્ગદર્શન કેમ્પનું આયોજન રાજકોટ અને હિંમતનગર ખાતે કરવામાં આવ્યું છે. બી કે મોદી સરકારી ફાર્મસી કૉલેજ, રાજકોટ ખાતે ૨૪ જાન્યુઆરીના રોજ સવારે ૧૧થી બપોરે ૪ દરમ્યાન અને ૭ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧થી બપોરે ૪ દરમ્યાન એપીએમસી કૉલેજ ઑફ ફાર્માસ્યુટીકલ ઍન્ડ રીસર્ચ, હિંમતનગર ખાતે આ કૅમ્પ યોજવામાં આવ્યો છે.

ફાર્માસીસ્ટ તરીકે રજિસ્ટ્રેશન, રિન્યુઅલ, રી-ઍન્ટ્રી, ગૂડ સ્ટેન્ડીંગ સર્ટીફિકેટ, સરનામાં અને નામમાં ફેરફાર, ડુપ્લીકેટ સર્ટીફિકેટ, ડુપ્લીકેટ રિન્યુઅલ રસીદ, ડિગ્રી ઍડીશન વગેરેની અરજી કરવા માગતા ફાર્માસીસ્ટ્સે જરૂરી દસ્તાવેજો સાથે કેમ્પમાં ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# નિબંધલેખન સ્પર્ધામાં જે બી પ્રાથમિક શાળાનો વિદ્યાર્થી અર્જુન રાષ્ટ્રકક્ષાએ પ્રથમ ક્રમે વિજેતા

ગાંધીનગર, તા. ૨

પૅટ્રોલિયમ કન્ઝર્વેશન રિસર્ચ ઍસોસિએશન અને નિસર્ગ સાયન્સ સૅન્ટરના સંયુક્ત ઉપક્રમે 'મારે કેમ અને કેવી રીતે ઈંધણ સંરક્ષણ કરવું જોઈએ' વિષય અંતર્ગત નિબંધ લેખન સ્પર્ધામાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળાના ધોરણ-૭માં અભ્યાસ કરતા વિદ્યાર્થી



અર્જુન મયારામભાઈ પટેલે પ્રથમ સ્થાને વિજેતા પદ પ્રાપ્ત કરી ઈનામ સ્વરૂપે લૅપટૉપ અને જાપાન યાત્રાનું સંપૂર્ણ ખર્ચ જીત્યું હતું.

અર્જુન તથા તેના માર્ગદર્શક શિક્ષકોને શાળાનાં આચાર્યા નિવાબેન પટેલ તથા નિસર્ગ સાયન્સ સૅન્ટરના સંચાલક અનિલભાઈ પટેલે અભિનંદન પાઠવ્યા હતા.

# સાહિત્ય અકાદમી દ્વારા ગાંધીનગરમાં નવોદિત વાર્તા લેખન શિબિરનો આરંભ

ગાંધીનગર, તા. ૨

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર દ્વારા આજથી ત્રણ દિવસ માટે ગુજરાતી ભાષાના જાણીતા વાર્તાકાર મધુ રાયના માર્ગદર્શનમાં નવોદિત વાર્તા લેખન શિબિરનો આરંભ થયો છે.

આ શિબિરમાં વાર્તાનાં વિવિધ સ્વરૂપો ઉપર જાણીતા વાર્તાકારો તથા વિદ્વાનો વક્તવ્યો પણ આપશે. સમગ્ર ગુજરાતમાંથી ટૂંકી વાર્તા લખવા કે લખવાનું શીખવા ઈચ્છતા નવોદિત વાર્તાકારો આ શિબિરમાં ત્રણ દિવસ ગુજરાતી ભાષાના જાણીતા નવલકથાકાર, વાર્તાકાર મધુ રાય પાસેથી લેખનની તાલીમ લેશે. મધુ રાય પોતાની વિશિષ્ટ શૈલીથી



વાર્તાલેખનના મહત્ત્વના મુદ્દાઓ વિશે પ્રૅક્ટીકલી સમજ આપશે.

શિબિરના પ્રથમ દિવસે આજે સાંજના સૅશનમાં જાણીતાં નવલકથાકાર વર્ષા અડાલજા અને ઈલા અરબ મહેતાએ પોતાની વાર્તાલેખનની કૅફિયત રજૂ કરી હતી અને પોતાના અનુભવો શિબિરાર્થીઓ સમક્ષ રજૂ કર્યા હતા.

સોમવારે જાણીતા વાર્તાકાર મોહન પરમાર અને રાજેન્દ્ર પટેલ ટૂંકી વાર્તા વિશે વક્તવ્યો આપશે. શિબિરના છેલ્લા દિવસે મંગળવારે ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને જાણીતા કવિ ભાગ્યેશ જ્હા ઉપસ્થિત રહી પોતાની સર્જન યાત્રા વિશે વાત કરશે તથા ગુજરાતી ભાષાના જાણીતા અને ગાંધીનગર સ્થિત સર્જક ડૉ. કેશુભાઈ દેસાઈ તથા ડૉ. રાઘવજી માધડ ટૂંકી વાર્તાની લેખન પદ્ધતિ વિશે પોતાના અનુભવો શિબિરાર્થીઓ સમક્ષ વર્ણવશે.

ત્રણ દિવસની આ શિબિરનું સંયોજન અકાદમીના પ્રકાશન અધિકારી અને સર્જક ડૉ. કનૈયાલાલ ભટ્ટ કરી રહ્યા છે, જેમના જણાવ્યા અનુસાર આવી શિબિરોથી ગુજરાતી ભાષાના ભાવિ વાર્તાકારો, નવલકથાકારોની એક નવી પેઢી તૈયાર થતી હોય છે.

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા યોજાતી આ વાર્તાશિબિર સાહિત્ય જગતને ભવિષ્યમાં જરૂર થોડા સારા વાર્તાકારો આપશે. કેમ કે મધુ રાય સાથે આ પ્રકારની તાલીમ લેવી એ આજની પેઢી માટે અમૂલ્ય અવસર છે. નવોદિત વાર્તાકારો માટે આ શિબિર નવી દિશાઓ ખોલી આપશે, એમ તેમણે ઉમેર્યું હતું.

# સચિવાલય જીમખાના ખાતે પાંચમીથી ખાસ રોગ નિવારણ માટે યોગ શિબિર

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લા પતંજલિ યોગ સમિતિ દ્વારા સચિવાલય જીમખાના, સૅક્ટર-૨૧ ખાતે આગામી તારીખ પાંચમી જાન્યુઆરીથી યોગ નિવારણ અર્થે યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

પતંજલિ યોગ સમિતિના જિલ્લા પ્રભારી કાનજીભાઈ બાવરીએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે ડાયાબિટીસ, વધુ વજન, બ્લડ પ્રેશર જેવા તમામ રોગોના નિવારણ માટે આ ૬૦ દિવસની યોગ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. શિબિરનો સમય સવારે ૫.૩૦થી ૭ કલાક સુધીનો રહેશે.

ગાંધીનગરના સ્વાસ્થ્યપ્રેમી નાગરિકોને આ શિબિરનો લાભ લેવા તેમણે આમંત્રણ પાઠવ્યું છે. આ અંગેની વધુ માહિતી માટે જૈમિન વૈદ્યનો મોબાઈલ નંબર ૯૮૨૫૪ ૮૮૪૦૮ના માધ્યમથી સંપર્ક કરવા જણાવાયું છે.

# સહારા મિલે જો તુમ્હારી હંસી કા, ભુલા દેંગે હમ સારા ગમ જિંદગી કા

ગીત-સંગીતની દુનિયા
ભાર્ગવ હરનારાયણ ભટ્ટ

ફિલ્મ : શર્ત, વર્ષ : ૧૯૫૪
નિર્માતા : ફિલ્મીસ્તાન લિમિટેડ, મુંબઈ
નિર્દેશક : બી મિત્રા
સંગીતકાર : હેમન્તકુમાર
ગીતકાર : ઍસ ઍચ બિહારી અને રાજેન્દ્ર કૃષ્ણ
ફિલ્મ કલાકાર : શ્યામા-દિપક
સહાયક કલાકાર : શશીકલા-સુલોચના, આઈ ઍસ જૌહર
ગીત : ન યે ચાંદ હોગા, ન તારે રહેંગે
મગર હમ હમેશા તુમ્હારે રહેંગે
ગાયક : હેમન્તકુમાર
ગીતકાર : ઍસ ઍચ બિહારી

ન યે ચાંદ હોગા
ન તારે રહેંગે
મગર હમ હમેશા તુમ્હારે રહેંગે
ઝમાના અગર કુછ કહે ભી તો ક્યા
મગર તુમ ન કહના હમેં બેવફા
તુમ્હારે લિયે હૈ તુમ્હારે રહેંગે...
યે હોગા સિતમ હમને પહલે ન જાના
બના ભી ન થા, જલ ગયા આશિયાના
કહાં અબ મોહબ્બત કે મારે રહેંગે...




ફિલ્મ શર્તમાં આ ગીત પુરુષ સ્વરમાં અને સ્ત્રી સ્વરમાં અલગ અલગ ગાવામાં આવ્યું છે. બંને ગીતમાં સંગીતની તર્જ સમાન જ બનાવવામાં આવી છે ને બંને ગીતમાં આ ગીતનું મુખડું એક જ છે.

પરંતુ બંને ગીતમાં જે અલગ અલગ કડીઓ મૂકવામાં આવેલી છે તે વાંચતા અને સાંભળ્યા પછી એમ ચોક્કસ કહી શકાય કે સ્ત્રી સ્વર





એટલે કે ગીતા દત્તના સ્વરમાં ગવાયેલ ગીત ઉમંગનું ગીત છે. ખુશીનું ગીત છે. જ્યારે તમે પુરુષ સ્વરમાં હેમન્તકુમાર દ્વારા ગવાયેલ આ ગીત સાંભળો તો તમને ચોક્કસ એવું લાગશે કે આ વિરહનું ગીત છે અને આ કમાલ છે કવિ ઍસ ઍચ બિહારીની.

ન યે ચાંદ હોગા, ન તારે રહેંગે
મગર હમ હમેશા તુમ્હારે રહેંગે...
નઝર ઢૂંઢતી થી જીસે પા લિયા હૈ
ઉમ્મીદો કે ફૂલોં સે દામન ભરા હૈ
યે દિન હમકો સબ દિન સે પ્યારે રહેંગે...
કહું ક્યા મેરે દિલ કા અરમાન ક્યા હૈ
ઉન્હેં હરઘડી ચુમના ચાહતા હૈ
કહાં તક ભલા જી કો મારે રહેંગે...
સહારા મિલે જો તુમ્હારી હંસી કા
ભુલા દેંગે હમ,
સારા ગમ જિંદગી કા
તુમ્હારે લિયે હૈં, તુમ્હારે રહેંગે...

બિનાકા ગીતમાલા રેડિયો સિલોન પરથી ૧૯૫૩ના વર્ષમાં શરૂ કરવામાં આવેલી. બિનાકા ગીતમાલામાં રૅકોર્ડના વેચાણ ઉપરથી ગીતોના ક્રમ નક્કી કરવામાં આવતા હતા. સૌથી પ્રથમ વર્ષમાં વાર્ષિક બિનાકા ગીતમાલામાં આ ગીત પ્રથમ ક્રમાંકે આવ્યું હતું.

# ડૉ. ભાણજી સોમેયા લિખિત પુસ્તક 'ચાલો, પરીક્ષાના ભયને ભગાડીએ'નું વિમોચન

ગાંધીનગર, તા. ૨

ખંત, ઉત્સાહ, ઉત્સુકતા, જિજ્ઞાસા, રસ અને એકાગ્રતાપૂર્વક કરેલી પરીક્ષા કે સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી ક્યારેય ભૂલાતી નથી. પણ પરીક્ષાના ભય, ચિંતા, વ્યાકુળતા, વ્યગ્રતાને કારણે વિદ્યાર્થીઓને પરીક્ષા દરમ્યાન યાદ આવતું નથી. પરીક્ષા પૂર્ણ થઈ ગયા પછી અને પરીક્ષાખંડ છોડ્યા પછી બધું જ યાદ આવી જાય છે. પણ જો વિદ્યાર્થી પોઝીટીવ ઍટીટ્યુડ રાખીને વિજેતાની અદાથી પ્રશ્નોના જવાબો લખે તો ધાર્યા માર્ક્સ કે રેન્ક મેળવે છે.

ડૉ. ભાણજી ઍચ સોમૈયાએ પોતાના પુસ્તક 'ચાલો, પરીક્ષાના ભયને ભગાડીએ'ના વિમોચન ટાણે આ શબ્દો ઉચ્ચાર્યા હતા.



પુસ્તકનું વિમોચન મહાત્મા ગાંધી હૉસ્ટેલ, રાજકોટ ખાતે કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં લાયબ્રેરી સાયન્સ નિષ્ણાત અને સર્જન ફાઉન્ડેશનના પ્રમુખ ડૉ. મહેશ સોલંકીએ પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે પ્રસ્તુત પુસ્તક સાચ્ચે જ તમામ પ્રકારના વિદ્યાર્થીઓને પ્રેરણારૂપ સાબિત થશે. જાણીતા અધ્યાપક, લેખક ડૉ. સુનિલ જાદવે જણાવ્યું હતું કે પરીક્ષાઓ જ્યારે નજીક આવી રહી છે ત્યારે પુસ્તકનું પ્રકાશન વિદ્યાર્થીઓ માટે ઉપયોગી પૂરવાર થશે. આ સમારોહમાં બીઍસઍનઍલના ઍસડીઍમ જે વી ચાવડા, જુનિયર ઍન્જિનીયર મંજુ રત્ને, વિસ્તરણ અધિકારી ભાણજીભાઈ બોખાણી, ઍડવોકેટ મીનાક્ષીબેન, વૉર્ડન દિનેશભાઈ પટેલ અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. મહાત્મા ગાંધી હૉસ્ટેલના ૪૦૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. કાર્યક્રમનું સફળ સંચાલન દેવજીભાઈ સાંકટે કર્યું હતું. અનિલ વાણવી, અક્ષય બેડવા, જિજ્ઞેશ પરમાર, પંકજ ભેડા, પ્રકાશ ચૌહાણ વગેરેએ કાર્યક્રમને સફળ બનાવવા જહેમત ઊઠાવી હતી.